**મુંબઈના** મેલા-ભૂખરા આકાશમાં ઊંચાં ઊંચાં બિલ્ડિંગોની પાછળથી પસાર થઈને જુહુના દરિયાકિનારા સુધી આવી પહોંચેલો આખા દિવસનો દોડતો-હાંફતો-થાકેલો સૂરજ દરિયામાં પગ બોળીને 'હાશ' કરતો હતો. દૂર દૂર કૉલેજ બંક કરીને આવેલા કે ઑફિસમાંથી સહેજ વહેલાં ભાગી છૂટેલાં પ્રેમીપંખીડાં એકબીજામાં ખોવાઈને બીજા દિવસે મળવાના વાયદા કરી રહ્યાં હતાં. દિવસ જાણે આખા દહાડાની હાયવોય પછી પગ વાળીને નિરાંતે બેઠો હતો. દરિયાકાંઠાનો પવન ફરફરાટ વાતો હતો. જુહુના બિલકુલ દરિયાકિનારા ઉપર નીચે દરિયામાં પગ બોળીને અને ઉપર આકાશનો હાથ પકડીને ઊભું હોય એવા એક ગગનચુંબી મકાન - 'મરમેઇડ'ના સૌથી ઉપરના ચૌદમા માળે દોડાદોડી ચાલતી હતી. ત્રણ-ચાર રસોઇયા રસોડામાં ચાઇનીઝ, ઇટાલિયન અને ઇન્ડિયન ચાટ તૈયાર કરી રહ્યા હતા. બહાર અગાશીમાં બારટેન્ડર બારનું ટેબલ સેટ કરી રહ્યો હતો. લગભગ પાંચસો જેટલા ફુગ્ગાઓ અને રિબન્સ અગાશીના થાંભલાઓને સજાવી રહ્યાં હતાં. લગભગ પચીસસો સ્ક્વેર ફીટ મોટી અગાશી વૉલ ટુ વૉલ કાર્પેટથી સજાવાઈ હતી...

સુંદર બુફે ટેબલ્સ ઉપર શેફકૅપ પહેરેલા વેઇટર્સ ડિનરની તૈયારી કરી રહ્યા હતા... લગભગ અઢીસો-ત્રણસોથી વધુ બુકેઝથી અગાશી ભરાઈ ગઈ હતી. હવામાં એક સુગંધ હતી. થોડી મદહોશીની મહેક પણ જાણે પાર્ટીની તૈયારીમાં હાજર થઈ ગઈ હતી.

'મરમેઇડ'ના ચૌદમા માળના એક ઓરડામાં એક છોકરી ઢગલો કપડાં ખાટલા પર વિખેરીને બેઠી હતી. બાજુમાં એણે તાજાં તાજાં શૉપિંગ કરીને લાવેલાં કપડાંની પ્લાસ્ટિક બૅગ્સ વિખરાયેલી પડી હતી... ટ્રાય કરીને ફેંકેલાં કપડાં રૂમમાં ચારે બાજુ વિખરાયેલાં પડ્યાં હતાં. ડ્રેસિંગ ટેબલ અસ્તવ્યસ્ત હતું.

બાથરોબ પહેરીને અરીસા સામે ઊભેલી એક સત્તરેક વર્ષની

છોકરી સદ્યસ્નાતા સુંદર દેખાતી હતી. હજી હમણાં ફેસવૉશથી સાફ કરેલી એની ચામડી તગતગતી હતી. એના વાળ કમર સુધીના ભીના, છુટ્ટા હતાં. ગોલ્ડન કલરની હાઇલાઈટ કરેલા વાળમાંથી પાણી ટપકતું હતું, જેનાથી જમીન પરની કાર્પેટ કૃતકૃત્યભાવથી ભીંજાતી હતી. છોકરીના ચહેરા પર અકળામણ અને ચીડના ભાવ સ્પષ્ટ હતા. અરીસા સામે ઊભી રહીને એ છેલ્લું ટૉપ ટ્રાય કરી રહી હતી. એણે ટૉપ શરીર પર લગાડ્યું, આમતેમ ફરીને જોયું અને એના રેશમ જેવા શરીરને અડેલું એ ટૉપ ઊછળીને પડ્યું બીજાં કપડાંની સાથે...

એ જ વખતે એના રૂમનો દરવાજો ખૂલ્યો. એક ચાળીસેક વર્ષની ખૂબ નમણી સ્ત્રી બારણું ખોલીને અંદર દાખલ થઈ. એણે ઘડીભર રૂમમાં નજર ફેરવી, અસ્તવ્યસ્ત કપડાં, ઉઘાડું વૉર્ડરોબ, શૉપિંગની બૅગ્સ જોઈને એના ચહેરા પર સ્મિત આવી ગયું. એણે પેલી છોકરીની નજીક જઈ એના માથે હાથ ફેરવ્યો, “અનુષ્કા, હજી તૈયાર નથી થઈ બેટા?”

“મૉમ, મારી પાસે કપડાં જ નથી. શું પહેરું?” પલંગ પર પડેલાં કપડાંના ઢગલા ઉપર અનુષ્કા પલાંઠી વાળીને બેસી ગઈ. એના ઊઘડી ગયેલા બાથરોબને ખેંચીને સરખો કરતાં એની માએ કહ્યું, “અનુ, ધીસ ઇઝ ટૂ મચ! આવું તે કંઈ ચાલતું હશે? તારા વૉર્ડરોબમાં સમાય નહીં એટલાં તો કપડાં છે...અને કહે છે કપડાં નથી?”

“મૉમ, આજની પાર્ટીમાં પહેરાય એવું કંઈ નથી.” અનુષ્કાએ પલંગ પરનાં બધાં કપડાંને લાત મારીને નીચે ફેંકી દીધાં અને લાંબી થઈને સૂઈ ગઈ... “મારે નથી આવવું પાર્ટીમાં...”

“બેબી! કેમ આમ કરે છે? ચલ, આપણે મળીને સિલેક્ટ કરીએ...”

“આ?!” અનુષ્કાએ ઢગલામાંથી બેરહેમીથી કપડાં ઊંચક્યાં અને છુટ્ટા ફેંક્યાં, “આમાંથી સિલેક્ટ કરીએ?”

“તું આજે નવાં લાવી હતીને?”

"એ પણ નથી સારાં.... તારે શાંતિ છે મૉમ, એક સિલ્કની સાડી પહેરી ચાંદલો કર્યો, આંજણ નાખ્યું... તારા બ્યુટિફુલ વાળનો અંબોડો વાળી દીધો... એથી આગળ જઈએ તો ગજરો પહેરી લીધો અને તું ગૉર્જિયસ દેખાય છે... તું કેટલી સુંદર છે મૉમ, કંઈ પણ પહેરે સારી જ લાગે છે."

"અચ્છા! તારી મા છું, તને તો સુંદર જ લાગુંને?" માના ચહેરા પર ખૂબ માર્દવભર્યું સ્મિત હતું, પણ એને ખબર હતી કે એની દીકરીની વાત ખોટી નહોતી. એ સ્ત્રીનો ચહેરો જાણે માપ લઈને ઘડ્યો હોય એવો નમણો, એવો સુંદર હતો. તીખું નાક, ઉપર બે મોટી મોટી કથ્થઈ આંખો, લાંબી પાંપણો, લગભગ અનુષ્કા જેવી જ લીસી અને ડાઘ વગરની ત્વચા... બે પરવાળા જેવા હોઠ, સુરાહીદાર ગરદન અને અનુષ્કા જેવડી દીકરી હોવા છતાં સાવ એકવડિયો - છોકરી જેવો બાંધો... કોઈ કુશળ મૂર્તિકાર પણ ભૂલ ન કાઢી શકે એવા વળાંકો ધરાવતું આકર્ષક શરીર...

એના પોતાનાથી અરીસામાં જોવાઈ ગયું...

એનો અંબોડો ખૂલી ગયો હતો. વાળની બે-ચાર લટો બહાર નીકળી આવી હતી, જે ચહેરા પર ઝૂલી રહી હતી. ચાંદલો દોડાદોડીમાં રેલાઈ ગયો હતો અને સવારથી કરેલું આંજણ આંખોની બહાર નીકળીને ફેલાઈ ગયું હતું. એ પછી પણ એનો ચહેરો સુંદર જ લાગતો હતો. અનુષ્કા અચાનક ઊઠી. એણે પોતાના બે હાથ વચ્ચે માનો ચહેરો પકડી લીધો અને એકદમ નજીક લઈ આવી. માની આંખોમાં આંખો નાખી, "ઓહ માય ગૉડ! તું આજે આટલી સુંદર છે તો મારા જેવડી હોઈશ ત્યારે કેવી હોઈશ? મૉમ, તારી પાછળ બહુ છોકરાઓ ગાંડા થતા હશે નહીં? ડૅડ ઇઝ લકી..."

"ચક્રમ! જલદી તૈયાર થા, નહીં તો તારા ડૅડ આવશે."

ગંભીર મોઢું કરીને મૂછે તાવ દેતી હોય એવી ઍક્ટિંગ કરીને અનુષ્કાએ કહ્યું, "બેટા, જલદી તૈયાર હો જાવ, વરના ગબ્બર આ જાયેગા..." પછી માના ગળામાં હાથ નાખીને ગાલ ઉપર એક ચુંબન

કર્યું, "ડેડ ઇઝ લકી, બટ યુ આર નૉટ વેરી લકી. મૉમ, તેં ટ્રાય કર્યો હોત તો તને ડેડથી પણ વધારે સારો વર ના મળ્યો હોત?"

"વીસ વરસ થયાં મારાં લગનને, શું બકવાસ કરે છે? જલદી તૈયાર થા અને બહાર આવ. તારા ડેડ ચિડાઈ જશે. તને ખબર છેને એમને ટાઇમની કેટલી..."

"હા મૉમ, ઘડિયાળ બંધ પડે, પણ ડેડ નહીં..." અનુષ્કાએ કહ્યું અને ફરી પગ પર પગ ચડાવીને બેસી ગઈ. એનો બાથરોબ ફરી ઊઘડી ગયો હતો. ઘૂંટણથી વેંત ઉપર ચડી ગયેલા બાથરોબમાંથી એના લાંબા આરસપહાણ જેવા પગ દેખાતા હતા. માએ બાજુમાં પડેલો ટૉવેલ લઈને એના પગ પર નાખ્યો. આવડી મોટી થઈ... પણ...'

"મૉમ, બ્યુટી દેખાડવા માટે છે, ઢાંકવા માટે નહીં..." એણે પગ પરથી ટૉવેલ કાઢી નાખ્યો. પછી ઝટકા સાથે ઊભી થઈ. માને ખભામાંથી પકડીને અડધી ઢાળી દીધી અને જાણે પોતે પુરુષ હોય એમ એના અંબોડામાં હાથ નાખીને એના હોઠની નજીક હોઠ લઈ આવી, "તારી જેમ બત્રીસ વર્ષે..."

"સ્ટુપિડ આઇ ઍમ ફોર્ટી..." પડતાં પડતાં બચેલી મા અનુષ્કાને ધક્કો મારીને સીધી થઈ અને એણે સાડી સરખી કરી.

"ચાળીસ તો તું કહે છે, પણ મને ખાતરી છે કે ગણતરીમાં કંઈક ભૂલ છે. ચાલ, આપણે પાંત્રીસ રાખીએ. તારી જેમ મારી અઠ્ઠાવીસની કમર હોતને તો હું બેલીટૉપ સિવાય કંઈ પહેરત જ નહીં..."

"સારું, હું આજે તારા ડેડીને પૂછી લઈશ."

"શું?"

"અનુષ્કા પાસે કંઈ કપડાં નથી, તો એ મારી સાડી પહેરે અને હું એનું બેલીટૉપ પહેરું?"

"વેરી ગુડ...,,

"પછી ડેડ શું કહેશે તને ખબર છે? મને ચૌદમા માળની અગાશીમાં પાળી પર ઊભી રાખશે અને કહેશે સીડી ઊતર્યા વગર જુહૂના દરિયે પહોંચી જા..." મા-દીકરી બંને ખડખડાટ હસી પડ્યાં. અનુષ્કા માને વળગી અને એણે જૂની ફરિયાદ ફરી એક વાર કરી.

"કહેને, હું શું પહેરું?"

"જે પહેરવું હોય તે પહેર અને દસ મિનિટમાં બહાર આવ." મા બારણું ખોલીને બહાર નીકળી ગઈ. અનુષ્કા ફરી એ જ સ્થિતિમાં અરીસા સામે ઊભી રહી ગઈ.

બહાર નીકળીને અનુષ્કાની મા રસોડામાં ગઈ. રસોઇયાને કામ કરતા જોઈ જે બે-ચાર વસ્તુઓ જોઈતી હતી તે આપીને એ ડ્રૉઇંગરૂમ તરફ આગળ વધી. ડ્રૉઇંગરૂમમાં કામ કરી રહેલી બાઈને ક્રોકરી લૂછવામાં મદદ કરવા લાગી. એ જ વખતે ડોરબેલ વાગી...

ફરી એક ફૂલનો બુકે આવ્યો હતો. કામ કરતી બાઈએ જઈને સહી કરીને બુકે લીધો અને જરા લાડના ભાવ સાથે પેલી સ્ત્રીને પૂછ્યું, "બહેન, હવે જરાય જગ્યા નથી રહી, આ ફૂલ ક્યાં મૂકું?"

"બહાર મૂકી દે અગાશીમાં, પછી ગોઠવડાવું છું. અમોલ ક્યાં છે?' એણે પૂછ્યું.

"અમોલ બાબા તો સવારના ગયા છે. પછી જમવા પણ ક્યાં આવ્યા છે?"

"અરે બાપ રે! અક્ષય આવશે તો પ્રૉબ્લેમ થઈ જશે." એણે બાજુમાં પડેલો ફોન ઉપાડ્યો અને દીકરાનો મોબાઇલ ડાયલ કર્યો.

"યસ સ્વીટ હાર્ટ!" દીકરાનો બેફિકર અવાજ સંભળાયો. "અમોલ, આજે ઘરમાં પાર્ટી છે, યાદ છે કે ભૂલી ગયો?"

"ઓહ યસ યસ... હું તો ભૂલી જ ગયેલો."

"જલદી ઘરે પહોંચ, તારા ડેડી આવતા જ હશે."

"હા યાર, સારું થયું તેં ફોન કર્યો, નહીં તો અમારે પાર્ટીમાં જ ચકચક થઈ જાત..."

“જલદી પહોંચ.” એણે ફોન ડિસ્કનેક્ટ કર્યો ને તરત જ પાછી રિંગ વાગી. એણે કૉલર આઇ-ડીમાં જોયું, અમોલનો જ ફોન હતો.

“બોલ...”

“મૉમ, હું તારા માટે શું લાવું?”

“કંઈ નહીં.”

“એવું તે કંઈ હોય? આજે તારી જિંદગીનો કેટલો મહત્ત્વનો દિવસ છે. મારે તને કંઈક આપવું છે. શું આપું મને કહે!”

“કહું? આપીશ?”

“હા, હા, મારા બૅન્ક બૅલૅન્સમાં આવશે તો આપીશ.”

“અમોલ, એક પૈસો નથી ખર્ચવાનો, તારી માને થોડોક સમય આપ...”

“મૉમ, આવી બુઢ્ઢાઓ જેવી સેન્ટિમેન્ટલ વાતો ના કર... હજી તો આજે તને ઓગણચાલીસમું વર્ષ બેસે છે. ઍન્ડ લાઇફ બિગિન્સ ઍટ ફોર્ટી, મૉમ!”

“બસ હવે, જલદી ઘરે પહોંચ. પાર્ટીની પહેલાં કે પાર્ટીમાં તમારે બાપ-દીકરાને કચકચ થાય એવી મારી ઇચ્છા નથી.”

“તું જેમ કહે એમ, આજે તો હું તને જરાય નારાજ નહીં કરું.”

“બહુ ડાહ્યો! જલદી ઘરે આવ.”

“આવી ગયો.” હાથમાં ફોન લઈને અમોલ ઘરમાં દાખલ થયો અને જઈને માને વળગી પડ્યો. “જો, તેં કહ્યું તો હું આવી ગયોને?”

ઓગણીસેક વર્ષના અમોલને જોઈને ખબર પડતી હતી કે એના બાપ પાસે ખૂબ પૈસો છે. હાથમાં કૅમેરાવાળો મોબાઇલ, બ્રાન્ડેડ કપડાં, પર્ફ્યૂમની સુગંધ, મોંઘાં શૂઝ...

અમોલ એકદમ એની મા જેવો દેખાતો હતો. નમણો, સહેજ ભીને વાન અને દિલધડક હૅન્ડસમ! મા ઘડીભર જોઈ રહી અમોલને. પછી એણે અમોલને વહાલ કરીને કહ્યું, “થૅન્કયુ... હવે જઈને તૈયાર થઈ જા.”

"મૉમ, એક કપ સરસ કૉફી કરી આપને!"

"હું કરી આપું છું અમોલભાઈ." બાઈએ કહ્યું.

"ના, મારે મારી માના હાથની જ કૉફી પીવી છે. કરી આપે છે મૉમ?"

"હા બેટા, તું નહાવા જા. હું કરું છું." અમોલ માને વહાલ કરીને મોટાં મોટાં પગલાં ભરતો પોતાના રૂમ તરફ ગયો. મા રસોડા તરફ વળી જ હતી કે બાઈએ કહ્યું, "બહેન, હવે તમે તૈયાર થઈ જાવ, સાહેબ આવશે તો ગુસ્સે થશે. તમારી પાર્ટી ને તમે જ તૈયાર નહીં."

"એમાં નવું શું છે? મહેમાનો આવશે ત્યાં સુધી આમ જ ચાલશે. દર વખતે પાર્ટીમાં એમ જ થાય છેને?'

"બહેન, એક વાત કહું? ખોટું નહીં લગાડવાનું."

"ના રે... બોલને..."

"દર વખતની વાત જુદી છે. કોઈ વાર અનુષ્કા બેબીનો બર્થ-ડે હોય તો કોઈ વાર અમોલ બાબાની પાર્ટી હોય, કોઈ વાર સાહેબની બિઝનેસની પાર્ટી હોય... એ બધી વખતે તમે મહેનત કરો, દોડાદોડી કરો તો બરાબર છે, પણ આજે તો તમારી પાર્ટી છે... તમારે કંઈ કામ નહીં કરવાનું."

એ હસી પડી. પછી એક ક્ષણ માટે બાઈની સામે જોઈ રહી. કોણ જાણે કેમ, એની આંખો ભીની થઈ આવી. પછી એ ત્યાં જ સોફા પર બેસી ગઈ. એણે આંખો મીંચી દીધી અને માથું પાછળ સોફા પર ઢાળી દીધું. આંખો મીંચી એટલે છલછલાઈ આવેલી આંખોમાંથી બે આંસુ ગાલ પર થઈને ગળા સુધી ઊતરીને સાડીના પાલવમાં સુકાઈ ગયાં.

બાઈ નજીક આવી. એણે એના ખભે હાથ મૂક્યો, "બહેન, મેં કંઈ ખોટું કહ્યું?"

"ના રે, આ તો મને યાદ આવી ગયું. હું બરાબર અનુષ્કા જેવડી હતી અને મારા જનમદિવસે કોઈકે બધી રસોઈ બનાવીને મને

જમાડી હતી... પૂરી, શ્રીખંડ, બટાકાનું શાક, ભીંડાનું શાક... સલાડ, કઢી ને પુલાવ... એ પછી દુનિયાભરની રસોઈ અને દુનિયાભરની હોટેલોમાં ખાધું છે, પણ એ વધારે મીઠાવાળું બટાકાનું શાક અને કાચા પુલાવ જેવો સ્વાદ બીજે ક્યાંય નથી મળ્યો..." એની બંધ આંખોમાંથી બીજાં બે આંસુ સરી ગયાં.

એ ઊભી થઈ અને રસોડા તરફ આગળ વધી.

"જલદી જઈને અમોલની કૉફી કરું અને પછી તૈયાર થઈ જાઉં. વળી સાહેબ આવશે તો વરસગાંઠ ઊજવી નાખશે મારી."

"બહેન, તમે કેટલું બધું કરો છો બધા માટે! પણ કોઈ તમને એવું નથી પૂછતું કે તમને શું ગમે છે?"

અચાનક એને ખ્યાલ આવ્યો કે પોતે ઘરની કામવાળી સાથે કેટલી અંગત વાત કરી બેઠી, એટલે એકદમ ઊભાં થઈને પોતાના ઓરડા તરફ જવા માંડ્યું... અને બાઈને સૂચનાઓ આપી દીધી... "પીવાના પાણીની વ્યવસ્થા ચેક કરજે. અગાશીમાં લાઇટો કરી દેજે અને પૅસેજની લાઇટ કરી દેજે. હું કૉફી કરીને તૈયાર થવા જાઉં છું. અમોલ આવે તો કહેજે ડાઇનિંગ ટેબલ પર કૉફી મૂકી છે."

પોતાના રૂમમાં દાખલ થઈને એણે બારણું અંદરથી બંધ કરી દીધું. ખભા પરથી સાડીનો પાલવ કાઢ્યો, જમીન પર નાખી દીધો. વાળ ખોલી નાખ્યા...

એ જોઈ રહી જાતને!

ચાળીસ વર્ષ!

ઓછાં નથી હોતાં જીવવા માટે... જીવી નાખવા માટે... જીવી જેવા માટે...

પોતે જીવી હતી આ ચાળીસ વર્ષ... આખેઆખાં - પૂરેપૂરાં અને છતાં, ગઈ કાલે રાત્રે જ એણે ડાયરીમાં લખ્યું હતું, "ઝંખનાઓને કેમ ઉંમર નથી હોતી? ઇચ્છાઓ કેમ બૂઢી નહીં થતી હોય? મન કેમ થોડી વાર પલાંઠી વાળીને બેસતું નથી ક્યાંય?... ઉંમર ચહેરા

પર કરચલીઓ પાડે છે, પણ રાતના જાગીને પડખાં ઘસતાં ચાદરમાં પડેલી કરચલીઓ કેમ ભૂંસાતી નથી!”

અરીસામાં દેખાતી એક નખશિખ સ્ત્રી જેના વાળ આજે પણ ઘૂંટણથી લાંબા અને કાળા હતા, જેની ત્વચા આજે પણ કોઈ યુવતીને શરમાવે એટલી તાજી અને યુવાન હતી... બે બાળકોના જન્મ પછી પણ જેની કમર બે વેંતમાં સમાઈ જાય એવડી હતી...

મહાનગર મુંબઈના પૉશ કહી શકાય એવા જુહુમાં દરિયાકિનારે છ - સાડા છ હજાર સ્ક્વેર ફીટના એ અદ્યતન રીતે સજાવાયેલા સેન્ટ્રલી વાતાનુકૂલિત ઘરની એ માલકણ હતી...

પતિ, બે બાળકો, કબાટ ભરીને સાડીઓ, હીરા, મોતી, પર્ફ્યૂમ્સ - શું નહોતું એની પાસે? જિંદગીએ એને લખલૂટ ‘સુખ’થી નવાજી હતી. બીજાઓની આંખોમાં એ પોતાને માટે એક ઈર્ષ્યાનો ભાવ જોયા કરતી. સતત એને લાગતું કે પોતે સ્પેશિયલ છે. ‘કંઈ ખાસ’ છે એનામાં, જે એના ઈશ્વરે ફક્ત એને જ આપ્યું છે. આમ તો કશુંય ખૂટતું નહોતું જિંદગીની જિગ્સોમાં અને છતાં, આજે ઓગણચાળીસમા વર્ષની આખરી સાંજે એનું મન કેમ ડૂબી ડૂબી જતું હતું...

એની બે આંખો આજે અરીસાને પેલે પાર ઊતરીને કોણ જાણે શું જોઈ રહી હતી...

એક એવું નામ, જે જિંદગીના બબ્બે દાયકાથી ભુલાઈ ગયું હતું... એક એવું નામ, જેને છાતીના ડાબે ખૂણે દાટીને એણે મહાનગર મુંબઈ તરફ પગલાં ભર્યાં હતાં... એક એવું નામ, જે એના સિવાય કોઈ પણ જાણતું નહોતું. એની આસપાસ વીંટળાયેલો આ આખોય સંસાર એ નામથી સાવ બેખબર, અજાણ હતો...

આ ઘરના ફર્નિચર કે બાથરૂમના શાવરને કદાચ ખબર હતી એ નામની, કારણ કે ક્યારેક સાવ ધીમેથી પોતાનેય ના સંભળાય એવી રીતે બોલાઈ જતું એ નામ...

પણ આજે એ નામ શું કામ યાદ આવતું હતું? અને એ પણ આટલું બધું? એ અરીસામાં જોઈ રહી.

પછી એણે સાડી કાઢી નાખી. લટકતો પિન્ક બાથરોબ ખેંચ્યો અને બાથરૂમમાં જઈને દરવાજો બંધ કરી દીધો.

કોણ જાણે કેટલીયે વાર સુધી એના શરીર પર શાવરમાંથી ગરમ પાણી ઢોળાતું રહ્યું... એ આંખો બંધ કરીને એ પાણીની નીચે ધોતી રહી પોતાનું મન અને પોતાના વિચારોને...

અચાનક એને ખ્યાલ આવ્યો કે બેડરૂમનો મેઇન ડોર કોઈ જોરજોરથી ધમધમાવી રહ્યું છે. એણે ચોંકીને બાથરોબ ખેંચ્યો અને શરીર પર ચડાવી દીધો. ભીના શરીરે જ એણે દોડીને દરવાજો ખોલ્યો. બાથરૂમમાંથી બેડરૂમના મેઇન ડોર સુધી કાર્પેટ ઉપર ભીનાં પગલાં અને વાળમાંથી નીતરતું પાણી રેલાતાં રહ્યાં.

બારણું ખૂલ્યું. "સૉરી..." એણે કહ્યું.

"સૉરી? અરે થૅન્ક્યુ કહેવું જોઈએ મારે.... બાકી આજની સાંજે મને આવી જલપરી ક્યાંથી મળે?" અક્ષયે એને બાથમાં ભરી લીધી, "ઓહ માય ગૉડ! તું આજે પણ એટલી જ મોહક અને એટલી જ આકર્ષક લાગે છે...'

"અક્ષય, શું કરો છો?"

"પ્રેમ... મારી પત્નીને...." એના શરીરમાંથી અને વાળમાંથી ટપકતા પાણીથી અક્ષયનો ચહેરો, કપડાં ભીંજાતાં જતાં હતાં. અક્ષયે ઑફિસબૅગ ફેંકી અને એને ઘૂંટણ નીચે હાથ નાખીને બીજો હાથ પીઠ પર રાખીને ઊંચકી લીધી. "અક્ષય, પ્લીઝ...શું કરો છો? બહાર મહેમાનો આવી જશે."

"મેં તને હજી ઑફિશિયલી હૅપ્પી બર્થ-ડે ક્યાં કહ્યું છે? હું તને બર્થ-ડે તો વિશ કરી લઉં... મહેમાનો આવે એ પહેલાં."

"અક્ષ..." એના બાકીના શબ્દો અક્ષયના હોઠમાં ઓગળી ગયા...

•

"જન્મદિવસ મુબારક હો અંજલિ..." એક છ ફૂટ ઊંચો, દેખાવડો, જોતાંવેંત ગમી જાય એવો વહાલસોયો, માંજરી આંખો અને ગોરા વાનનો છોકરો ઊભો ઊભો હસી રહ્યો હતો.

"છેક હવે આવ્યો તું?! એક સીડી ઊતરતાં સવારથી બપોર કરી. શું કરતો હતો?"

"તારી બર્થ-ડે પાર્ટીની તૈયારી."

"પાર્ટી?"

"હા, ત્રણ જણની... હું તું ને બાપુ."

"ને જમવાનું કોણ બનાવશે, મારી મા? સ્વર્ગમાંથી આવીને? મેં તો સવારથી કંઈ રાંધ્યું જ નથી. બાપુએ ચોપડીઓમાંથી રેફરન્સ શોધવા બેસાડી હતી તે છેક હવે ઊભી થઈ છું. ખીચડી ખવડાવીશ પાર્ટીમાં..."

"જા જા... પાર્ટીમાં તે કંઈ ખીચડી હોય? મારે તો પૂરું જમણ જોઈએ."

"પૂરું જમણ?"

"પૂરી, શ્રીખંડ, બટાકાનું શાક, ભીંડાનું શાક... સલાડ, કઢી ને પુલાવ..."

"શાબાશ, આવતા વર્ષે આવજે, જમાડીશ."

"તું આવતે વર્ષે જમાડજે, હું તને આ વર્ષે જમાડું તો?"

"શું?"

"યસ... તારી પાર્ટીની પૂરેપૂરી તૈયારી થઈ ગઈ છે, ઉપર... બધું મેં બનાવ્યું છે - ખાસ તારા માટે..."

"ખરેખર?!" ઉપર ચડતી અંજલિનો હાથનો પકડીને એ છોકરાએ રોકી. એની બૉટલ ગ્રીન માંજરી આંખોમાં કોણ જાણે શું હતું કે અંજલિની આંખો ઝૂકી ગઈ.

"પાર્ટી તો હું આપું છું, બદલામાં મને શું આપીશ?" એ છોકરાએ પૂછ્યું.

"શું જોઈએ છે?" અંજલિ કઠેડાના પહેલા થાંભલાનો આધાર લઈ હાથ પાછળ બાંધી ઊભી રહી. એની આંખોમાં સત્તર વર્ષની છોકરીની અલ્લડતા અને પોતાના રૂપનો ગર્વ હતો...

"શાંતિ.... રોજ સવારે હું રિયાઝ કરું ત્યારે કૂકરની સીટી નહીં વગાડવાની, ડબા નહીં ખખડાવવાના, મારી અગાશીમાં આવીને કબૂતરને ચણ નહીં નાખવાની અને રેડિયો તો નહીં જ ચલાવવાનો."

"એટલે તું જે કરે છે એને તું રિયાઝ કહે છે?"

"મૂરખ છોકરી, સંગીતમાં વિશારદ છું હું..."

"હે ઈશ્વર! કેવા કેવા લોકો શું શું શીખી જતા હોય છે!" પોતાના ચોટલાને હાથમાં લઈ છેડેથી ગોળ ગોળ વાળતી અંજલિના આખા શરીરમાં એ છોકરા માટે ઉપાલંભ હતો. એ હસી પડી. પેલા છોકરાએ એને હડપચીથી પકડીને પાછળ ધકેલી. અંજલિ કઠેડા પર ઝૂકી ગઈ, પાછળની તરફ...

છોકરાએ એનો ચહેરો અંજલિની નજીક લીધો.

અંજલિની આંખો મીંચાઈ ગઈ. હોઠ સહેજ ખૂલી ગયા. એ પેલા છોકરાનો શ્વાસ પોતાના ચહેરા પર અનુભવી શકતી હતી. એણે બંધ આંખે થોડી વાર રાહ જોઈ, પોતાની સત્તરમી વર્ષગાંઠની ભેટની...

પછી એણે આંખો ખોલી.

એ છોકરો હજીયે એટલો જ નજીક એને એકીટશે જોઈ રહ્યો હતો. એની આંખોમાં જાણે દુનિયાની આઠમી અજાયબી જોતો હોય એવું આશ્ચર્ય હતું. અંજલિએ આંખો ઉઘાડીને ભ્રૂકુટિ નચાવીને એને પૂછ્યું, "શું જુએ છે?"

"તને. કોઈએ કહ્યું છે કે તારી આંખો બાડી છે? અને નાક સહેજ વાંકું...' છોકરો હજીયે એકીટશે એની સામે જોતો હતો, "તારા બે કાનની સાઇઝ એક નથી."

"શટ-અપ..." અંજલિએ એને ધક્કો માર્યો. પછી કૉલરમાંથી પકડીને નજીક ખેંચ્યો. એની આંખોમાં આંખો નાખી અને એક જાદુગરની અદાથી પૂછ્યું, "એટલે રોજ બારીમાંથી જુએ છે મને?"

"જા, જા... કોણ હું?"

"ના, તારા પિતાજી..."

"ઓહ શીટ! મારા પિતાજીની વાત પછી કરજે, અત્યારે તારા

પિતાજી રાહ જુએ છે, ઉપર, જમવાની...” અને છોકરો એકીશ્વાસે દાદર ચડી ગયો.

પાછળ હસતી હસતી અંજલિ પણ દાદર ચડી. પછી એણે છોકરાની સામે જોયું અને એની લાંબી કથ્થઈ આંખો પર પાંપણો ઢાળીને એકદમ નશીલા અંદાજમાં પૂછ્યું, “તો? આ તો પાર્ટી છે, મારી ભેટ ક્યાં છે?”

છોકરાએ બીજી તરફ જોયું. એનો ગોરો-રૂપાળો ચહેરો લાલ થઈ ગયો. એના ચહેરા ઉપર એક શરમાળ સ્મિત આવીને સ્થિર થઈ ગયું. પછી એણે ધીમેથી અંજલિ તરફ જોયું. એની બૉટલ ગ્રીન આંખોમાં ભારોભાર ઉન્માદ હતો...

એ અંજલિની નજીક આવ્યો અને એનો ચહેરો ફરી હડપચીથી પકડ્યો, “જો! સોળથી શરૂ કરીને તારા બધા જ જનમદિવસની ભેટ એકસામટી આપી દઈશ.”

અંજલિએ આંખો બંધ રાખીને પૂછ્યું, “ક્યારે?”

“તારા બાપુને પૂછીને કહીશ.”

“ધત્...” અંજલિએ એને ધક્કો માર્યો અને ઓરડામાં દોડી ગઈ. છોકરો થોડી વાર એમ જ આકાશમાં જોતો શરમાળ સ્મિત લઈને ઊભો રહ્યો અને પછી માથું ધુણાવીને ઓરડામાં દાખલ થઈ ગયો...

●